


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
ગરવી ગુજરાત

Volume : 18
Issue : 049
Dt.: 30-10-2025,
Thursday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### જવાનોએ વાયુસેના સ્ટેશન પર આપ્યું ગાર્ડ ઑફ ઑનર

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ રાફેલ લડાકૂ વિમાનમાં ઉડાન ભરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ અંબાલા ઍરફોર્સ સ્ટેશનમાંથી ફ્રાન્સ નિર્મિત ફાઈટર જેટ રાફેલમાં ઉડાન ભરી છે. તેમણે ઍરફોર્સ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં અતિથિ વિશેષ રૂપે હાજરી આપી હતી. વાયુસેનાના જવાનોએ તેમને ગાર્ડ ઑફ ઑનર આપ્યું હતું. આ કાર્યક્રમના ભાગરૂપે વાયુસેનાના પ્રમુખ એપી સિંહ પોતે પાયલટ તરીકે રાફેલ ઉડાવી રાષ્ટ્રપતિને રાફેલની સહેર કરાવી રહ્યા હતા. તે અંબાલામાં ઉડાન ભરી રહ્યું હતું. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ કાર્યક્રમનું આયોજન અને પ્રોટોકલ હેઠળ સંબંધિત વિભાગોના અધિકારીઓની જવાબદારી નિર્ધારિત કરવામાં આવી છે. ડેપ્યુટી કમિશ્નર અજય સિંહ તોમરે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ દિલ્હીથી હવાઈ માર્ગે અંબાલા કેન્ટોનમેન્ટ સ્થિત ઍરફોર્સ સ્ટેશન પહોંચ્યા હતા. સુરક્ષાના કારણોસર ઍરફોર્સ સ્ટેશનની આસપાસ ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ છે. ઍરફોર્સ સ્ટેશનની અંદર મોબાઈલ ફોન લઈ જવાની મંજૂરી નથી. ફક્ત અધિકૃત કર્મચારીઓને જ અંદર જવાની મંજૂરી છે. રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુએ અગાઉ પણ ફાઈટર જેટ્સમાં ઉડાન ભરી નિરિક્ષણ કર્યું હતું. ૮ એપ્રિલ, ૨૦૨૩ના રોજ મૂર્મુ આસામમાં તેજપુર ઍરફોર્સ સ્ટેશન ખાતે સુખોઈ-૩૦ એમકેઆઈ ફાઈટર એરક્રાફટમાં ઉડાન ભરનારા ત્રીજા અને મહિલામાં બીજા રાષ્ટ્રપતિ હતાં. પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ અને પ્રતિભા પાટિલે પણ સુખોઈ-૩૦ એમકેઆઈ ફાઈટર એરક્રાફટમાં ઉડાન ભરી હતી.

ભારતે ફ્રાન્સ પાસેથી રાફેલ ફાઈટર જેટ ખરીદ્યા હતા. જેમાં પાંચ રાફેલ વિમાનનો પહેલો જથ્થો ૨૭ જુલાઈ, ૨૦૨૦ના રોજ ભારતને પ્રાપ્ત થયો હતો. આ વિમાનો પહેલા અંબાલા એર બેઝ પર પહોંચ્યા હતા. તેઓ ફ્રાન્સના મેરિગ્નેક એર બેઝથી ઉડાન ભરી યુએઈના અલ ધ્રાફા એર બેઝ પર રોકાયા બાદ ભારતમાં પહોંચ્યા હતા.





### સરકાર શરત વગર ખેડૂતોનું દેવું માફ કરે...

## મહારાષ્ટ્રના નાગપુરમાં ખેડૂતોનું ઉગ્ર આંદોલન, હાઈવે ચક્કાજામ

(સંપૂર્ણ સમાચાર સેવા)નાગપુર

મહારાષ્ટ્રના નાગપુરમાં આજે બીજા દિવસે ખેડૂતો ઉગ્ર આંદોલન કરી રહ્યા છે. આ વિરોધ પ્રદર્શન પૂર્વ મંત્રી અને પ્રહાર પાર્ટીના નેતા બચ્ચુ કડુના નેતૃત્વમાં કરવામાં આવી રહ્યું છે. જ્યાં સુધી સરકાર શરત વગર ખેડૂતોનું દેવું માફ નહીં કરે, ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી છે.

ઉગ્ર વિરોધ કરી રહેલા આંદોલનકારી ખેડૂતોએ નાગપુર-હૈદરાબાદ નેશનલ હાઈવે ચક્કાજામ કરી દીધો છે, જેના કારણે હાઈવે પર ભારે ટ્રાફિક જામ થઈ ગયો છે. હાઈવે પર વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. બીજીતરફ પોલીસ તંત્ર આંદોલનની સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. આંદોલનની આગેવાની કરી રહેલા પૂર્વ મંત્રી અને પ્રહાર પાર્ટીના નેતા બચ્ચુ કડુએ કહ્યું કે, ‘અમે ખેડૂતોની વેદના અને વધતા દેવાના બોજના કારણે દેખાવો કરી રહ્યા છીએ. આંદોલનકારીઓ ઈચ્છે છે કે રાજ્ય સરકાર તાત્કાલિક પગલાં ભરે અને ખેડૂતોને રાહત આપે.

આંદોલન વધુ ઉગ્ર ન બને તે માટે પોલીસ તંત્રએ સુરક્ષા-વ્યવસ્થા કડક કરી દીધી છે. હાલ પોલીસ અને વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે છે અને સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. આ ઉપરાંત હાઈવે પર જામ થયેલ ટ્રાફિક વૈકલ્પિક માર્ગ વાળવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૩માં મહારાષ્ટ્રમાં કુલ ૨૮૫૧ ખેડૂતોએ જ્યારે ૨૦૨૪માં ૨૬૩૫ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. જ્યારે જાન્યુઆરીથી માર્ચ-૨૦૨૫ દરમિયાન ૭૬૭ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી.



વર્લ્ડ બેંકના રિપોર્ટ મુજબ, મહારાષ્ટ્રમાં કુલ બાકી કૃષિ દેવું આશરે ૨,૬૩,૨૦૩ કરોડ રૂપિયા નોંધાયું છે. અનેક ખેડૂતો દેવું કરીને ખેતરમાં પાક વાવતા હોય છે, જોકે કુદરતી આફતના કારણે અનેક વખત આ પાકને મોટાપ્રમાણમાં નુકસાન થાય છે, જેના કારણે તે ખેડૂત નિરાશ થાય છે, જેના કારણે તેઓ આત્મહત્યા કરવા મજબૂર બને છે.

### અત્યાર સુધી ૧૫૦૦ કરોડ રૂપિયાનો બાંધકામ ખર્ચ થયો

## રામ ભક્તોએ અત્યાર સુધીમાં ૩૦૦૦ કરોડથી વધુનું દાન આપ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

રામ ભક્તો માટે અયોધ્યાથી મોટા સમાચાર આવ્યા છે. તાજેતરમાં, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે જાહેરાત કરી છે કે, ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરનું નિર્માણ સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગયું છે. મુખ્ય મંદિરની સાથે, ભગવાન શિવ, ભગવાન ગણેશ, ભગવાન હનુમાન, સૂર્યદેવ, દેવી ભગવતી અને દેવી અન્નપૂર્ણાના મંદિરો પણ તૈયાર થઈ ગયા છે.

આ બધા મંદિરોમાં ધ્વજસ્તંભ અને કળશ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ સાથે, રામ જન્મભૂમિ સંકુલમાં ૨૫ નવેમ્બરના રોજ યોજાનાર ધ્વજારોહન સમારોહની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. મંદિર નિર્માણ પૂર્ણ થવાના પ્રસંગે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા આયોજિત ભવ્ય ઉજવણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપવામાં આવ્યું છે.

**રામ જન્મભૂમિ સંકુલમાં ૨૫ નવેમ્બરના રોજ યોજાનાર ધ્વજારોહન સમારોહની તૈયારીઓ તેજ થઈ ગઈ છે**

આ દરમિયાન, રામ મંદિરના નિર્માણ અંગે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. રામ મંદિરના નિર્માણ માટે દાન અભિયાન દરમિયાન, ભારત અને વિદેશના લાખો રામ ભક્તોએ ઉદારતાથી રૂ.૩,૦૦૦ કરોડથી વધુનું યોગદાન આપ્યું છે.

મકાન નિર્માણ સમિતિના અધ્યક્ષના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં આશરે રૂ.૧,૫૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે, જેનો અર્થ એ છે કે, બાંધકામ કાર્ય પર આટલો ખર્ચ કરવામાં આવ્યો છે. મંદિર સંકુલમાં બાકી રહેલા ચાલુ કાર્ય સહિત કુલ ખર્ચ આશરે રૂ.૧,૮૦૦ કરોડ હોવાનો અંદાજ છે.

અધ્યક્ષે જણાવ્યું હતું કે, શરૂઆતમાં આટલું મોટું નાણાકીય યોગદાન અપેક્ષિત નહોતું, પરંતુ રામ ભક્તોની શ્રદ્ધાને કારણે તે શક્ય બન્યું છે. તેમણે જણાવ્યું હતું કે, રામ ભક્તોએ જે ભક્તિભાવથી દાન આપ્યું છે, તે પોતાનામાં એક નોંધપાત્ર ઉદાહરણ છે. આ દરમિયાન, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે ૨૫ નવેમ્બરના રોજ યોજાનાર એક ખાસ કાર્યક્રમમાં ૮,૦૦૦ થી ૧૦,૦૦૦ મહેમાનોને આમંત્રણ આપ્યું છે. મહત્વનું છે કે, ૨૦૨૨ થી રામ મંદિર નિર્માણમાં દાન આપનારાઓને આમંત્રિત કરવાની યોજનાઓ બનાવવામાં આવી છે.

ભવન નિર્માણ સમિતિએ જણાવ્યું હતું કે, મંદિરના નિર્માણમાં સામેલ તમામ વ્યક્તિઓ, સંગઠનો અને કંપનીઓનું પણ સન્માન કરવામાં આવશે. ૨૫ નવેમ્બર પછી એક ખાસ સન્માન સમારોહ યોજાશે, જ્યાં રામ મંદિરના નિર્માણમાં યોગદાન આપનારા તમામ લોકોને પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવશે.

## ખર્ચ ઘટાડવા એમેઝોન ૧૪,૦૦૦ કર્મચારીઓની હકાલપટ્ટી કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)સિએટલ

ઓનલાઈન રિટેલ જાયન્ટ એમેઝોને મંગળવારથી લગભગ ૧૪,૦૦૦ કોર્પોરેટ નોકરીઓમાં કાપ મૂકવાનું ચાલુ કર્યું હતું. કંપની તેના એકંદર ખર્ચમાં ઘટાડો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ)માં વધુ રોકાણના ભાગરુપે આ છટણી કરી રહી છે. એમેઝોનમાં લગભગ ૩૫૦,૦૦૦ કોર્પોરેટ કર્મચારીઓ છે. આમ કંપની આશરે ૪ ટકા કોર્પોરેટ કર્મચારીઓની છટણી કરી રહી છે. કંપનીના કર્મચારીઓની કુલ સંખ્યા ૧૫.૬ લાખ છે. ૨૦૨૧માં સીઈઓ બન્યા પછી એન્ડી જેસી ખર્ચમાં મોટાપાયે કાપ મૂકી રહ્યાં છે.

તેમણે જૂનમાં જણાવ્યું હતું કે જનરેટિવ એઆઈને કારણે આગામી થોડા વર્ષમાં કોર્પોરેટ વર્કફોર્સમાં ઘટાડો થશે. આ મહિનાની શરૂઆતમાં એમેઝોને કલાઉડ કમ્પ્યૂટિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો કરવા માટે નોર્થ કેરોલિનમાં કેમ્પસનું નિર્માણ કરવા ૧૦ અબજ ડોલરના રોકાણની જાહેરાત કરી હતી.

કંપનીએ જણાવ્યું હતું કે તે અમલદારશાહીમાં ઘટાડો કરી રહી છે. નોકરીમાં કાપથી પ્રભાવિત ટીમો અને કર્મચારીઓને મંગળવારથી નોટિસ આપવાની શરૂઆત કરાઈ હતી. મોટાભાગના કર્મચારીઓને આંતરિક રીતે નવી ભૂમિકા શોધવા માટે ૯૦ દિવસનો સમય અપાશે. જે કર્મચારીઓ કંપનીમાં નવી ભૂમિકા ન મેળવી શકે તેમને પેકેજ, આઉટપ્લેસમેન્ટ સેવાઓ અને આરોગ્ય વીમા લાભો સહિત ટ્રાન્ઝિશનલ લાભ આપવામાં આવશે. કોરોના મહામારી દરમિયાન ઓનલાઈન ખર્ચમાં વધારો થયો હોવાથી કંપનીએ તેના કર્મચારીઓની સંખ્યા લગભગ બમણી કરી હતી. આ પછી મોટી ટેકનોલોજી અને રિટેલ કંપનીઓએ ખર્ચમાં કાપ મૂકવા માટે હજારો નોકરીઓમાં કાપ મૂક્યો હતો. એમેઝોનની આ છટણી દર્શાવે છે કે તે હજુ પણ તેના કાર્યબળનું કદ યોગ્ય કરવાનો પ્રયાસ કરી રહી અને તે કદાચ પૂરું થયું નથી. ૨૦૨૩ પછી કંપનીની આ સૌથી મોટી છટણી છે. ૨૦૨૩માં એમેઝોને ૨૭,૦૦૦ નોકરીમાં કાપ મૂક્યો હતો.

### ટ્રમ્પના શાંતિ કરારના ઉડ્યા લીરેલીરા

## ઈઝરાયલે ગાઝા પર ફરી કર્યો હવાઈ હુમલો, ૧૦૦થી વધુના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાઝા

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો ગાઝા શાંતિ કરાર આખરે નિષ્ફળ ગયો છે. ઈઝરાયલે ફરી એકવાર ગાઝા પર હવાઈ હુમલો કર્યો છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ગાઝા પર વિસ્ફોટક હુમલો કરવાનો આદેશ આપ્યો હતો. હમાસના વારંવારના હુમલાઓને કારણે તેમણે આ પગલું ભર્યું હતું. ટ્રમ્પે વિશ્વના ઘણા મોટા નેતાઓની સામે શાંતિ કરારમાં મધ્યસ્થી કરી હતી, પરંતુ હવે આ કરાર તૂટી ગયો છે. મીડિયા અહેવાલ મુજબ, ઈઝરાયલી હુમલામાં અત્યાર સુધીમાં ૧૦૦ લોકો માર્યા ગયા છે. ઘણા લોકો ઘાયલ થયા છે, જેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ઈઝરાયલ સંરક્ષણ પ્રધાન કાત્ઝે હમાસ પર ગંભીર આરોપ લગાવતા કહ્યું છે કે તેણે ઈઝરાયલી સૈનિકો પર હુમલો કર્યો છે અને મૃત્યુ પામેલા બંધકોને પરત કરવાની શરતનું ઉલ્લંઘન કર્યું છે. બીજી તરફ હમાસે દાવો કર્યો છે કે તેણે કોઈ હુમલો કર્યો નથી કે શાંતિ કરાર તોડ્યો નથી. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ ગુસ્સે છે. તેમણે હમાસ પર પોતાનો ગુસ્સો વ્યક્ત કરતા કહ્યું કે તેણે યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. નેતન્યાહૂએ એમ પણ કહ્યું કે હમાસ ટ્રમ્પના શાંતિ કરારનું પાલન કરી રહ્યું નથી. તેણે પહેલા ઈઝરાયલી બંધકોને પરત કરવાનો ઈનકાર કર્યો હતો અને પછી જ્યારે પૂછપરછ કરવામાં આવી ત્યારે બહાના બનાવવાનું શરૂ કર્યું.

અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઘણા પ્રયત્નો પછી ઈઝરાયલ અને હમાસ વચ્ચે શાંતિ કરાર કર્યો, પરંતુ હવે તેમના પ્રયાસો ઉલટા પડ્યા છે. ઈઝરાયલે હમાસ પર યુદ્ધવિરામનો ભંગ કરવાનો આરોપ લગાવ્યો, જ્યારે હમાસે તેનો સ્પષ્ટ ઈનકાર કર્યો. ટ્રમ્પે શાંતિ કરાર માટે ૧૦ મુખ્ય મુદ્દાઓ નક્કી કર્યા હતા, જેમાં બંધકોની મુક્તિનો પણ સમાવેશ થાય છે, પરંતુ હવે તેનો પણ અમલ થતો નથી.

### FWICE દ્વારા વડાપ્રધાનને પત્ર લખવામાં આવ્યો

## અભિનેતા સતીશ શાહને પદ્મશ્રી આપવા કરવામાં આવી માગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પલોઈઝ દ્વારા સતીશ શાહના નિધન બાદ એક મોટી માગ કરવામાં આવી છે. એક્ટર સતીશ શાહ તેમની એક્ટિંગને લઈને જાણીતા હતા. છેલ્લા ઘણા વર્ષોથી ટીવી અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેમનું મોટું નામ હતું. લોકો તેમની એક્ટિંગના ઘણા વખાણ કરતા હતા. ખાસ કરીને ટીવી શો સારાભાઈ વર્સેસ સારાભાઈમાં ઈન્દ્રવદનનો રોલ કરીને તેમણે પોતાની એક અલગ ઓળખ બનાવી હતી.

દિવંગત અભિનેતાને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવે તેવી FWICE દ્વારા માગ કરવામાં આવી છે. જેમાં પીએમ મોદીને પત્ર લખીને જણાવવામાં આવ્યું કે તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે તેમને પદ્મશ્રી આપવામાં આવે. આપને જણાવી દઈએ કે FWICE ૩૬ સંઘ જેમાં ભારતીય ફિલ્મ, ટેલિવિઝન અને ડિજિટલ ઈન્ડસ્ટ્રીના મોટા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે.

જે પત્ર પીએમ મોદીને લખવામાં આવ્યો છે તેમાં જણાવવામાં આવ્યું છે કે સ્વર્ગીય સતીષ શાહ ઘણા પ્રતિભાશાળી કલાકાર હતા. જેમના કામે આપણા દેશમાં લાખો લોકોનું દિલ જીત્યું છે. સતીશ શાહે યે જો હે જિંદગી, સારાભાઈ વર્સેસ સારાભાઈ, જાને ભી દો યારો, અને મેં હૂં ના જેવી ઐતિહાસિક ફિલ્મ અને ટીવી શોમાં કામ કર્યું છે. આ પત્રમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે તેમના અભિનય સિવાય સતીશ શાહ એક દયાળુ અને કરુણામયી વ્યક્તિ હતા. તેઓ હંમેશા સાથી કલાકારો, ટેકનિશ્યનો અને અન્ય સ્ટાફને પ્રોત્સાહિત કરતા હતા. શ્રમિક સમુદાય દ્વારા તો તેમનું ઘણું સન્માન કરવામાં આવતું હતું. પત્રમાં એવું પણ કહેવામાં આવ્યું કે માત્ર અભિનેતા નહીં પરંતુ એવા વ્યક્તિને સન્માનિત કરવામાં આવે જે ૫ દાયકાથી પણ વધુ સમયથી ભારતના દર્શકોના હસવાનું કારણ બન્યા છે.

ઉલ્લેખનીય છે કે, FWICE દ્વારા વડાપ્રધાનને આ મુદ્દે વિચાર કરવા પર અનુરોધ કરવામાં આવ્યો છે. ગત શનિવારે સતીશ શાહનું નિધન થયું જેને લઈને લોકો હજુ આઘાતમાં છે. વડાપ્રધાન મોદી દ્વારા પણ સતીશ શાહના નિધનને લઈને સોશિયલ મીડિયા પર તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.


ગરવી ગુજરાત
ગુજરાતી

JioTV
CHENNAL NO. 3010

TATA PLAY
CHENNAL NO. 2111

Jio Air Fiber | Jio Tv + | Jio Fiber | Daily Hunt | ebaba Tv | Dish Plus
DTH live OTT | Rock TV | Airtel | Amezone Fire | Rocu Tv-US.UK

દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
ગરવી ગુજરાત ગુજરાતી ચેનલ નિહાળો

## તંત્રી લેખ......

### પગાર પંચની ભેટથી ૭૦ લાખ પેન્શનરોને ફાયદો થશે

આઠમા પગાર પંચને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી એ આ વર્ષની શરૂઆતમાં મોદી સરકારની જાહેરાતની પરિપૂર્ણતા છે. આઠમું પગાર પંચ અનિવાર્ય હતું, કારણ કે તે દર દસ વર્ષે કરવામાં આવે છે. આઠમું પગાર પંચ આશરે ૧૮ મહિનામાં તેની ભલામણો રજૂ કરશે, પરંતુ તેનો અમલ આવતા વર્ષે જાન્યુઆરીથી શરૂ થશે. આ પગાર પંચથી ૫૦ લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને આશરે ૭૦ લાખ પેન્શનરોને ફાયદો થશે. આઠમા પગાર પંચની સ્થાપનાનો નિર્ણય કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને રાજ્ય સરકારના કર્મચારીઓ બંનેને ખુશ કરશે તેવી અપેક્ષા છે. કેન્દ્ર સરકાર પગાર પંચની ભલામણોને મંજૂરી આપતાની સાથે જ રાજ્ય સરકારો એક પછી એક તેમના કર્મચારીઓના પગાર અને ભથ્થાંમાં વધારો કરવાનું શરૂ કરે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના કર્મચારીઓના પગારમાં સમય જતાં વધારો થવો જોઈએ, કારણ કે ફુગાવો સતત વધી રહ્યો છે. ફુગાવાના આ યુગમાં, સરકારી કર્મચારીઓ આર્થિક રીતે સક્ષમ રહે તો જ તેઓ આરામદાયક જીવન જીવી શકે છે. જોકે, સમાજ અને દેશને પણ તેમના વધેલા પગાર અને ભથ્થાંનો લાભ મળવો જોઈએ. સરકારી કર્મચારીઓના પગાર અને ભથ્થાંમાં વધારો કરવા ઉપરાંત, પગાર પંચને તેમની જવાબદારી અને કાર્યક્ષમતા વધારવા માટે ભલામણો કરવાનું કહેવામાં આવે તે સમયસર છે. સરકારી કર્મચારીઓના પગારમાં વધારો થતો રહે છે જ્યારે તેમની જવાબદારીનું સ્તર સમાન રહે છે તે ગેરવાજબી છે. જવાબદારીનો અભાવ માત્ર સરકારી કામગીરીથી જનતાને અસંતુષ્ટ કરતું નથી, પરંતુ સરકારના વિકાસ અને કલ્યાણ લક્ષ્યોને પણ અવરોધે છે. વધુમાં, તે નિયમો અને ધોરણોની અવગણના અને ભ્રષ્ટ પ્રથાઓને પણ પ્રોત્સાહન આપે છે. શું એ વાત રહસ્યમય છે કે જ્યારે પણ કોઈ બાંધકામ પ્રોજેક્ટ થાય છે, અથવા તેને સરકારી મંજૂરી, મંજૂરી અથવા નિરીક્ષણની જરૂર પડે છે, ત્યારે સામાન્ય રીતે કોઈ વ્યવહાર થાય છે? આ દેશની પ્રગતિમાં અવરોધ ઉભો કરે છે. છતાં, સરકારી કામકાજને પારદર્શક અને જવાબદાર બનાવવા માટે કોઈ નક્કર પગલાં કેમ લેવામાં આવી રહ્યા નથી? ભ્રષ્ટાચારને કાબુમાં લેવા અને લોકપાલ અને લોકાયુક્તની સ્થાપનાના અનેક દાવાઓ છતાં, સરકારની સ્થિતિ મોટાભાગે સમાન રહે છે. ફક્ત થોડા જ ક્ષેત્રો છે જ્યાં સરકારી કામકાજનું ધોરણ સુધર્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો તેમના કર્મચારીઓને ખાનગી ક્ષેત્રની જેમ શા માટે જવાબદાર ઠેરવી શકતી નથી, ભલે તેઓ સુશાસનનો દાવો કરે છે?

## ઓલપાડ પાસેના સાયણ ગામમાં ATMમાં ચોરી થતાં હડકંપ મચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના ઓલપાડ પાસેના સાયણ ગામમાં છ્સ્માં ચોરી થતાં હડકંપ મચી ગયો છે. તસ્કરો હવે એટીએમ મશીનમાંથી પણ બિન્ધાસ્ત ચોરી કરી રહ્યા છે. સાયણ ગામના એટીએમમાંથી તસ્કરો ૧૫ લાખ ભરેલી કેશ ટ્રે ઉઠાવી જતા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

સુરતના ઓલપાડ પાસેના સાયણ ગામે આવેલ ATMમાં ચોરી થઈ છે. એટીએમમાં ઘુસેલા તસ્કરોએ એટીએમ મશીનને ગેસ કટરથી કાપી રોકડ રકમની ચોરી કરી હતી.મળતી માહિતી પ્રમાણે ૧૫ લાખ રોકડની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા છે. સાયણમાં આવેલા ખોડિયાર કોમ્પ્લેક્સમાં એસબીઆઈ એટીએમમાં આ ચોરીનો બનાવ બન્યો છે.તસ્કરો એટીએમ ગેસ કટરથી કાપી રોકડ રકમ ભરેલ ટ્રે ઉઠાવી ગયા હતા જેના પગલે બેંક અધિકારીઓ પણ સ્થળ પર ધસી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં ઓલપાડ પોલીસ તથા એલસીબી, એસઓજી પોલીસ ઘટના સ્થળે પહોંચી છે અને સીસી ટીવી કેમેરાના ફૂટેજના આધારે તસ્કરોની શોધખોળ શરુ કરી છે.કારમાં આવેલા ૩ થી વધુ તસ્કરો ચોરીને અંજામ આપી ફરાર થયા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. તસ્કરો એટીએમ મશીનને ગેસ કટરથી કાપી રોકડની ટ્રે ઉઠાવી જતા રહેતા પોલીસ તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે.

## ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૧,૪૯૭ અને ચાંદીના વાયદામાં રૂ.૨,૪૬૦નો ઉછાળોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૬ સુધર્યો

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૪૧૬૧.૪૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૦૬૪૨૯.૯૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૮૨૯૬.૧૬ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૮૫૦૦ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૪૪૦૬૦૪.૧૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૪૧૬૧.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૪૦૬૪૨૯.૯૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૯.૯૧ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૨.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૮૫૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૬૫૨.૧ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૮૨૯૬.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૯૬૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૧૫૫૭ અને નીચામાં રૂ.૧૧૯૩૫૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૯૬૪૬ના આગલા બંધ સામે રૂ.૧૪૯૭ વધી રૂ.૧૨૧૧૪૩ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૨૬૨ વધી રૂ.૯૭૭૫૪ થયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૫૬ વધી રૂ.૧૨૨૩૦ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૭૦ વધી રૂ.૧૨૧૧૨૮ થયો હતો. ગોલ્ડ-ટેન ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૦૨૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૧૬૦૦ અને નીચામાં રૂ.૧૧૯૭૬૭ના મથાળે અથડાઈ, રૂ.૧૨૧૨૧૯ના આગલા બંધ સામે રૂ.૧૧૯ ઘટી રૂ.૧૨૧૧૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૪૪૭૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૭૭૬૮ અને નીચામાં રૂ.૧૪૪૬૧૮ના મથાળે અથડાઈ, રૂ.૧૪૪૩૪૨ના આગલા બંધ સામે રૂ.૨૪૬૦ વધી રૂ.૧૪૬૮૦૨ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૪૧૮ વધી રૂ.૧૪૮૭૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૪૭૦ વધી રૂ.૧૪૮૮૪૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૪૪૫.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૭.૭ વધી રૂ.૧૦૧૬.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત નવેમ્બર વાયદો રૂ.૧.૬૫ વધી રૂ.૩૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો રૂ.૧.૧ વધી રૂ.૨૭૨.૧૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું નવેમ્બર વાયદો ૫ પૈસા ઘટી રૂ.૧૮૩.૦૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૨૬૦.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૨૯૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૯૫૦ અને નીચામાં રૂ.૨૮૬૧ના મથાળે અથડાઈ, રૂ.૬૩ ઘટી રૂ.૨૯૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૩૧૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૫૪ અને નીચામાં રૂ.૫૨૮૫ના મથાળે અથડાઈ, રૂ.૫૩૩૦ના આગલા બંધ સામે રૂ.૧૬ વધી રૂ.૫૩૪૬ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૧૫ વધી રૂ.૫૩૪૬ થયો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬.૩ ઘટી રૂ.૩૩૫.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો રૂ.૬.૨ ઘટી રૂ.૩૩૫.૫ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૩૧.૪ના ભાવે ખૂલી, રૂ.૧.૨ વધી રૂ.૯૨૯.૪ થયો હતો. એલચી નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૭૦૦ના ભાવે ખૂલી, રૂ.૭ ઘટી રૂ.૨૭૩૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૮૧૯૩.૬૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૧૦૨.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૬૩૬.૪૭ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪૧.૭૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૮.૮૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૫૪૭.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૦.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૦૮.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૩૧.૪૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૫.૯૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૧.૮૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૪૦૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૨૪૮૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૪૩૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૮૩૩૫૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૭૭૨૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૭૦૨૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૫૨૮૧૪ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૨૭૭૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૮૬૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૪૦૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૪૫૪૭ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૮૭૪૩ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૮૭૪૩ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૭૧૧૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૫૮૩ પોઈન્ટ વધી ૨૮૫૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

ઈન્ડેક્સ ઓપ્શન્સની વાત કરીએ તો, બુલડેક્સ નવેમ્બર રૂ.૨૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ યુનિટદીઠ રૂ.૬૮૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧,૦૧૧ અને નીચામાં રૂ.૬૮૮ના સ્તરને સ્પર્શી રૂ.૧૫૯૦.૫૦ના આગલા બંધ સામે રૂ.૬૭૫.૫૦ ઘટી રૂ.૯૧૫ થયો હતો. આ કોન્ટ્રેક્ટમાં ૧૪ લોટનાં કામકાજ થયાં હતાં. આ સામે બુલડેક્સ નવેમ્બર રૂ.૨૮,૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ યુનિટદીઠ રૂ.૯૩૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૩૦ અને નીચામાં રૂ.૯૨૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧,૧૦૧.૭૦ના આગલા બંધ સામે રૂ.૧૭૫.૭૦ ઘટી રૂ.૯૨૬ના ભાવે પહોંચ્યો હતો. આ કોન્ટ્રેક્ટમાં ૩ લોટનાં કામકાજ થયાં હતાં, જ્યારે ઓપન ઈન્ટરેસ્ટ ૬ લોટના સ્તરે હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦ વધી રૂ.૨૦૩.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩ ઘટી રૂ.૧૯.૪૫ના ભાવે બોલાયો હતો. સોનું ઓક્ટોબર રૂ.૧૨૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪૭ વધી રૂ.૯૫૩ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૯૬ વધી રૂ.૪૩૫૦.૫ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૨૧ વધી રૂ.૩૩.૬૨ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૯૩ પૈસા વધી રૂ.૮ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩ ઘટી રૂ.૧૬૩.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૧૫ વધી રૂ.૨૪.૦૫ થયો હતો. સોનું ઓક્ટોબર રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૨.૫ ઘટી રૂ.૯૮ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૨૪ ઘટી રૂ.૨૬૦૯.૫ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૦૮ ઘટી રૂ.૧૬.૫ થયો હતો. જસત નવેમ્બર રૂ.૨૯૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧ ઘટી રૂ.૩.૫ના ભાવે બોલાયો હતો.

## રાજ્ય કક્ષાના પાણી પુરવઠા અને જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે વિધિવત રીતે પદભાર સંભાળ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ભરૂચ જિલ્લાના અંકલેશ્વર-હાંસોટ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય અને રાજ્ય સરકારના મંત્રી ઈશ્વરસિંહ પટેલે સ્વર્ણિમ સંકુલ -૨ માં વિધિવત રીતે પદભાર સંભાળ્યો હતો. ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સરકારના મંત્રી મંડળની રચના થયા બાદ શુભ મુહુર્તમાં ઈશ્વરસિંહ પટેલે રાજય કક્ષાના પાણી પુરવઠા અને જળ સંપત્તિ મંત્રી (સ્વતંત્ર હવાલો) તરીકે પદભાર સંભાળ્યો હતો. ઈશ્વરસિંહ પટેલે મંત્રી તરીકેનો ચાર્જ લેતા પહેલા સ્વર્ણિમ સંકુલની ઓફીસમાં પુજા વિધિ કરી હતી. પાણી પુરવઠા અને જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે ચાર્જ સંભાળ્યો ત્યારે તેમના ધર્મપત્ની, પુત્ર-પુત્રી સહિત પરીવારજનો પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, વિધાનસભા દંડક બાલશુકલ, ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, ઝઘડીયાના ધારાસભ્ય રીતેશ વસાવા, ઈફકોના ચેરમેન અને પૂર્વ મંત્રી દિલીપ સંઘાણીએ ઈશ્વરસિંહ પટેલને શુભેચ્છા પાઠવી હતી. આ ઉપરાંત ભરૂચ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ મારૂતિસિંહ અટોદરીયા, અંકલેશ્વર શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કર્ણા, સહિત હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓએ પણ ગાંધીનગર સ્વર્ણિમ સંકુલ ખાતે પહોચીને રાજય કક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલને શુભેચ્છા પાઠવી હતી.

## ગાંધીનગરમાં જુનિયર ક્લાર્કે સરકાર સાથે ૧૪.૮૯ લાખની કરી છેતરપિંડી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગરના CID ક્રાઈમ ઓફિસરની એક જુનિયર ક્લાર્ક વિરૂદ્ધ બોગસ પ્રમાણપત્રો રજૂ કરી સરકાર સાથે ૧૪.૮૯ લાખની છેતરપિંડીનો ગંભીર આરોપ લાગ્યો છે. હકીકતમાં અમદાવાદના મણિનગરની રહેવાસી દક્ષા વ્યાસ નામની મહિલાએ પોતાના પોલીસ કોન્સ્ટેબલ પતિના મૃત્યુ બાદ બીજા લગ્ન કરી લીધા હતા. જોકે, તેણે સરકારથી આ હકીકત સરકારથી છૂપાવી અને ફેમિલી પેન્શન મેળવવાનું શરૂ રાખ્યું હતું. ૨૫ વર્ષ બાદ હવે તેનો ભાંડો ફૂટતા પોલીસે તેની સામે છેતરપિંડીની ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, કલોલની પેન્શન વિતરણ ઓફિસના ટ્રેઝરી ઓફિસર હાર્દિક પ્રજાપતિએ કારંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, દક્ષા વ્યાસના પતિ કાર્તિક વ્યાસ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. ૩૦ જુલાઈ, ૧૯૯૩ના દિવસે તેમનું કેન્સરના કારણે મોત થયું હતું. પતિના મૃત્યુ બાદ તેણે બીજા લગ્ન કર્યા પરંતુ, તેનું પ્રમાણપત્ર સરકારમાં રજૂ ન કર્યું અને ફેમિલી પેન્શન મેળવવાનું શરૂ કર્યું હતું. જોકે, બાદમાં તપાસ દરમિયાન ખુલાસો થયો કે, તેણે પુનઃલગ્ન કરી લીધા હતા, જે ફેમિલી પેન્શનના નિયમોનું ઉલ્લંઘન છે. દક્ષા વ્યાસે નવેમ્બર, ૧૯૯૫થી લઈને ઓક્ટોબર, ૨૦૨૦ સુધી, એટલે કે, ૨૫ વર્ષથી વધુ સમય માટે દર વર્ષે ખોટા સેલ્ફ ડિક્લેરેશન રજૂ કરવાનું ચાલું રાખ્યું અને ૧૪.૮૯ લાખની રકમ મેળવી હતી.

દક્ષા વ્યાસને તેના પતિના મૃત્યુ બાદ અનુકંપાના ધોરણે CID ક્રાઈમ (રેલ્વે)ના એડિશનલ ડિરેક્ટર જનરલ ઑફ પોલીસની ઓફિસમાં જુનિયર ક્લાર્ક તરીકેની નોકરી પણ મળી હતી. જોકે, તેના પુનઃલગ્નની માહિતી મળતાં CID ક્રાઈમ ઓફિસ દ્વારા આંતરિક તપાસ શરૂ કરવામાં આવી હતી. ૨૦૨૦માં, આ ઓફિસે પેન્શન વિભાગને લેખિત જાણ કરી, જેના પગલે પેન્શન તરત જ સસ્પેન્ડ કરવામાં આવ્યું અને વિભાગીય તપાસ હાથ ધરવામાં આવી. તપાસ પૂર્ણ થયા બાદ ગાંધીનગરથી દક્ષા વ્યાસ વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવી.આ કાર્યવાહીના આધારે, ટ્રેઝરી ઓફિસર હાર્દિકકુમાર પ્રજાપતિએ કારંજ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે કે, વાર્ષિક વેરિફિકેશન થવા છતાં આરોપીએ આટલા વર્ષો સુધી પેન્શન કેવી રીતે મેળવી?

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતના બે દિવસના પ્રવાસે : ૩૦-૩૧ ઓકટો. વડાપ્રધાન મોદી રૂ. ૮૦૦ કરોડના પ્રોજેકટનુ લોકાર્પણ અને ખાત મુહુર્ત કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે. તા. ૩૦ અને ૩૧ ઓકટોબરે વડાપ્રધાન મોદી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે એકતાનગર (કેવડીયા) ની મુલાકાત લેશે. બે દિવસના રોકાણ દરમિયાન વડાપ્રધાનના હસ્તે કુલ રૂપીયા ૮૦૦ કરોડના વિવિધ પ્રોજેકટોનુ લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવશે. જેનાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં ૧૬ જેટલા નવા આકર્ષણો અને સુવિધાઓ ઉમેરાશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી એટલે કે એકતાનગર વિસ્તારમાં ૧૬ જેટલા નવા પ્રોજેકટ અને નવી સુવિધાઓના લોકાર્પણ કરવામાં આવશે. ૬૮૧.૫૫ કરોડના ખર્ચે નિર્માણ થનારા અને ૨૮૨.૫૨ કરોડના લોકાર્પણ થનારા નવા પ્રોજેકટનુ ભુમિ પુજન પણ કરાશે. ૨૮૨.૫૨ કરોડ રૂપીયાના ખર્ચે નિર્માણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૩૦ ઓકટોબરે સ્ટેચ્યુ ઓફ યુનિટી આવશે. ત્યારબાદ સ્ટેચ્યુ ઓફ યુનિટી એટલે કે એકતાનગર વિસ્તારમાં ૧૬ જેટલા નવા પ્રોજેકટ અને નવી સુવિધાઓના લોકાર્પણ કરવામાં આવશે.

જેમાં મુખ્ય જે કામો છે તેની વાત કરીએ તો એકતા ધ્વાર થી નર્મદા માતાની મુર્તિ સુધીનો વોક વે ફેસ ટુ, સ્માર્ટ બસસ્ટોપ ફેસ ટુ, પ્રોટોકોશન વોલ લેન્ડ લેવલીંગ વીયર ડેમ નજીક, સાતપુડા પ્રોટેકશન વોલ (કેકટસ નજીક) બોન્સાઈ ગાર્ડન, ઈ-બસ ચાર્જીગ સ્ટેશન, નર્મદા ઘાટ પાર્કિંગ, નવા રહેણાંક મકાન, એપ્રોચ રોડ મોખડી નજીક, કૌશલ્યપથ, લીમડી ટેન્ટ સીટી એપ્રોચ રોડ, ગાર્ડન, ટાટા નર્મદા ઘાટનુ વિસ્તરણ, ડેમ, રેપ્લિકા, ૨૫ નવી ઈ-બસ (નાની સાઈઝ) નુ લોકાર્પણ થશે, ૨૮૨.૫૨ કરોડ રૂપીયાના ખર્ચે આ તમામ પ્રોજેકટ બન્યા છે. કુલ રૂપીયા ૬૮૧.૫૫



કરોડના ખર્ચે નિર્માણ થનારા નવા પ્રોજેકટનુ ભુમિપુજન પણ વડાપ્રધાનના હસ્તે થશે. નવા પ્રોજેકટનુ ભુમિ પુજન પણ થનાર છે, સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં વડાપ્રધાનના હસ્તે ૯ કરોડના ખર્ચે બનનાર વીર બાળ ઉદ્યાનનુ ભુમિપુજન કરાશે, જે માર્ચ ૨૦૨૬ સુધી પુરી થશે. જેમાં પૌરાણિક બાળવીરોની ગાથાઓ અલગ અલગ સ્વરૂપે રજુ કરાશે, ટેકરી પર ફોરેસ્ટ જેવુ બનાવાશે, ત્યારે ખુબ ખર્ચામાં રહેલા રોયલ કીંગડમ ઓફ ઈન્ડીયાનુ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ભુમિ પુજન થનાર છે.

આ મ્યુઝીયમ કુલ ૩૬૭.૨૫ કરોડ ખર્ચે બનશે જે મેં ૨૦૨૭ મા પુર્ણ થશે, મુખ્ય ઉદેશ ભારત દેશને એક કરવામાં મહત્વનુ યોગદાન આપનાર રાજાઓ વિશે અલગ અલગ રીતે તેમની જાણકારી આ મ્યુઝીયમ ઓફ રોયલ કીંગડમ ઓફ ઈન્ડીયામાં આપવામાં આવશે. આ ઉપરાંત ગુજરાત વંદના મ્યુઝીયમ બનશે, પ્રવાસીઓની સુવિધાઓ માટે ૧૦૦ કરોડના ખર્ચે વિજીટર સેન્ટર બનશે. એકતાનગર ખાતે સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવામાં આવશે અને આ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ૨૦ કરોડમાં બનશે, જેમાં ક્રિકેટથી લઈ વોલીબોલ, ટેબલ ટેનીસ અને સ્વીમીંગ પુલ જેવી ઈન્ડોર આઉટ ડોર ગેમની સુવિધા હશે. આ સ્પોર્ટસ કોમ્પલેક્ષ એક વરસમાં પુર્ણ થઈ જશે. સીઆઈએસએફ જવાનોના બેરેક બનશે જે એક વરસમાં પુરા થઈ જશે. અલગ અલગ જગ્યાએ જે ટી બનશે, જેવી કે નર્મદા ઘાટ, સાતપુડા પ્રોડકશન હોલ પાસે આ જેટીઓ બનાવવામાં આવશે, એકતાનગર એટલે કે કેવડીયાનો જે સહકાર ભવન છે ત્યાંથી લઈને પોલીસ સ્ટેશન સુધી નવો રસ્તો બનશે. જે ૨૪ મીટર પહોળો અને ૧૭૦૦ મીટર લાંબો છે. આ રસ્તાની બંને બાજુ બેઠક વ્યવસ્થા વચ્ચે વોક વે સાથે ફેન્સીંગ લાઈટીંગ પોલ બનશે તે સિવાય વાગડીયા નજીક ના વિસ્તારમાં રેઈન ફોરેસ્ટ બનાવવામાં આવશે. જે ૪૭ હજાર ચો.મી. એરીયામાં બનશે.

જેમાં વોટરફોલ, રેઈન ગન, વોક બ્રીજ જેવી સુવિધાઓ હશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં પ્રવાસ યોજાય છે જેઓને અત્યારે વધારે ચાલવુ પડે છે ત્યારે પ્રવાસીઓ માટે નવા ટ્રાવેલેટર બનાવવામાં આવશે. જેથી પ્રવાસીઓને ચાલવુ નહી પડે. સાથે સાથે પ્રવાસીઓની સુવિધામાં પણ વધારો થશે. આ ગેટ નં. ૫ થી ૨ નંબર સુધી બનશે અને એની ઉપર કેનોપી પણ લગાવવામાં આવશે. જેથી ઉનાળામાં કે ચોમાસામાં પ્રવાસીઓને કોઈ તકલીફ ન પડે. આ ઉપરાંત નવુ પાર્કિંગ એડમીન બિલ્ડીંગનુ કામ પણ શરૂ થવાનુ છે. એટલે કે કુલ ૬૮૧.૫૫ કરોડ ના ખર્ચે બનનાર નવા પ્રોજેકટ નવી સુવિધાઓના ખાતમુહુર્ત વડાપ્રધાન મોદીના હસ્તે કરવામાં આવશે.

## વાઘોડિયામાં વીજ કરંટ લાગતા એકનું મોત, બે સારવાર હેઠળ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા જીલ્લાના વાઘોડિયામાં સ્ટ્રીટ લાઈટ રિપેર કરવાની કરતી વખતે ૧૧ કેવીની હાઈ-ટેન્શન લાઈનનો ત્રણ કર્મીઓને વીજ કરંટ લાગતા એકનું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય બેને ઈજા થઈ છે. વાઘોડિયા ખાતે સિદ્ધિ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં મેન્ટેનન્સની કામગીરી ચાલી રહી હતી. આ સમયે ઈન્ડસ્ટ્રીયલ પાર્કના ત્રણ કર્મચારી સ્ટ્રીટ લાઈટ રિપેર કરવાની ઊંચી સીડી લઈને નીકળ્યા હતા. સ્ટ્રીટ લાઈટ રિપેર કરવાની ઊંચી સીડી ૧૧ કેવીની પસાર થતી લાઈનને અડતા દુર્ઘટના સર્જાઈ હતી. ત્રણ કર્મચારીને કરંટ લાગ્યો હતો, વીજશોક લાગતા ૬૫ વર્ષીય સુખદેવભાઈ મુલાનીને જોરદાર વીજ શોક લાગતા તેઓ નીચે પટકાયા હતા અને સખ્ત દાઝી જતા સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય બે કર્મચારીઓ ઈજાગ્રસ્ત થતા તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. ત્રણ કર્મીઓને વીજ શોક લાગતા જાહેર રોડ પર અફરાતફરી સર્જાઈ હતી. ત્યારબાદ MGVCLની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને વીજ પુરવઠો બંધ કર્યો હતો.

## વડાપ્રધાનની સાથે સાથે આજે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પણ ગુજરાતના મહેમાન બનશે

પ્રતિનિધિ,ગાંધીનગર

આજે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે રાજકીય પક્ષના નેતાઓ ના પણ ગુજરાતના આંટા ફેરા વધી ગયા છે.

પંજાબના મુખ્યમંત્રી ભગવંતમાન અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ આજે તા. ૩૦ મી ને ગુરૂવારે સાંજે ૫:૩૦ કલાકે દિલ્હી થી હવાઈ માર્ગે ગુજરાતના રાજકોટના હીરાસર એરપોર્ટ ખાતે આવી પહોચનાર છે. જેઓ તા. ૩૧ ના બપોરે ૧ વાગે સાયલા નજીકના સુદામડા ખાતે આયોજીત ખેડુત મહાપંચાયતમાં હાજરી આપશે.

ત્યારબાદ ૩૧ મી એ મોડી સાંજે હીરાસર એરપોર્ટ થી હવાઈ માર્ગે પરત દિલ્હી જવા રવાના થશે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન તથા દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે સાંજે હીરાસર એરપોર્ટ ખાતે આવી પહોચતા તેઓનુ આમ આદમી પાર્ટીના આગેવાનો અને કાર્યકરો દ્વારા ભવ્ય સ્વાગત માટેની તડામાર તૈયારીઓ આરંભી દીધી છે.

તો બીજી તરફ ૩૧ મી એ બપોરે ૧ વાગે સુદામડા ખાતે આયોજીત ખેડુત મહા પંચાયતમાં લાખો ખેડુતોની સભાને સંબોધવાના છે.



ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના વરદ્હસ્તે એકતાનગરમાં ₹૧૨૧૯ કરોડથી વધુના વિકાસકાર્યોનું **ખાતમુહૂર્ત-લોકાર્પણ**



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## એકતાનગરને વધુ સુવિધાસભર બનાવતા પ્રકલ્પોનું લોકાર્પણ

- બિરસા મુંડા ભવનઃ આદિવાસી જનનાયકને શ્રદ્ધાંજલિ આપતા ભવનનું નિર્માણ (₹ 303 કરોડ)
- જી.એસ.ઈ.સી. અને એસ.એસ.એન.એન.લિ. ના કર્મચારીઓ માટે અદ્યતન આવાસની સુવિધા (₹ ૫૬ કરોડ )
- હૉસ્પિટાલિટી ડિસ્ટ્રીક્ટ( ફેઝ-૧): પ્રવાસીઓના આકર્ષણમાં વધારો થશે (₹ ૫૪ કરોડ)
- સાતપુડા પ્રોટેક્શન વૉલ અને રિવરફ્રન્ટ: એકતાનગરની સુંદરતામાં થશે વધારો (₹ ૨૦ કરોડ)
- નવી ૨૫ ઈ-બસ અને ઈ-બસ ચાર્જિંગ ડેપોના લોકાર્પણથી એકતાનગરના ગ્રીન ગ્રોથને નવો વેગ મળશે (₹ ૩૫ કરોડ)
- વામન વૃક્ષ વાટિકા(બોન્સાઈ ગાર્ડન): વિવિધ બોન્સાઈ વૃક્ષો બનશે આકર્ષણનું કેન્દ્ર (₹ ૧૮ કરોડ)

## વિરાસત અને વિકાસના સમન્વય સમાન પ્રકલ્પોનું ખાતમુહૂર્ત

- રોયલ કિંગડમ્સ ઑફ ઈન્ડિયા મ્યુઝિયમઃ દેશના રાજા-રજવાડાઓનો ઈતિહાસ-સંસ્કૃતિ-સમૃદ્ધ વારસો ઉજાગર થશે (₹ ૩૬૭ કરોડ)
- વીર બાલક ઉદ્યાનઃ વર્તમાન પેઢીને પૌરાણિક બાળવીરોની ગાથાઓથી માહિતગાર કરાશે (₹ ૯૦ કરોડ)
- સ્પોર્ટ્સ કૉમ્પલેક્સઃ એકતાનગરમાં પ્રવાસન સાથે રમત-ગમતની પ્રવૃત્તિઓને વેગ મળશે (₹ ૨૩ કરોડ)



વિઝિટર સેન્ટર



રોયલ કિંગડમ્સ ઑફ ઈન્ડિયા મ્યુઝિયમ



શ્રેષ્ઠ ભારત ભવન ગાર્ડન



સ્પોર્ટ્સ કૉમ્પલેક્સ



સ્માર્ટ બસ-સ્ટેન્ડ



બિરસા મુંડા ભવન

**તારીખઃ** ૩૦.૧૦.૨૦૨૫, ગુરુવાર | **સમયઃ** બપોરે ૦૪.૦૦ વાગે
**સ્થળઃ** એકતાનગર, જિ. નર્મદા.

**હર ઘર સ્વદેશી,**
**ઘર-ઘર સ્વદેશી**

અખંડ ભારતનાં નિર્માતા સરદાર સાહેબને સાચી શ્રદ્ધાંજલિ એટલે **'એક ભારત, શ્રેષ્ઠ ભારત'**
- **શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# જગતનો તાત રડી રહ્યો છે મારી પાસે મજુરીના દેવાના પણ બચ્યા નથી, મારે શું કરવુ મારી આખા વરસની મહેનત મારી ગઈ: માવઠાએ વેરેલા વિનાશથી ચોંધાર આંસુએ રડી પડયા ધરતીપુત્રો

પ્રતિનિધિ,ગાંધીનગર

દિવાળી બાદ ગુજરાતમાં આવેલા વિનાશક માવઠાએ ખેડુતોના પાકને ભારે નુકશાન પહોચાડયુ છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં માવઠાએ વ્યાપક પ્રમાણમાં વિનાશ વેર્યો છે.

સૌરાષ્ટ્રના ગીરસોમનાથ, જુનાગઢ, ધોરાજી અને અમરેલી સહિતના જિલ્લાઓમાં માવઠાને કારણે ખેતીનો પાક સંપૂર્ણ નાશ પામ્યો છે. એરંડા, મગફળી, કપાસ અને મહુવા સાઈડ ડુંગળીના પાક ને પણ મોટા પાયે નુકશાન થયુ છે. ખાસ કરીને મગફળી અને કપાસને વ્યાપક નુકશાન થયુ છે અને થોડો ઘણો પાક



લઈ શકાય તેમ રહ્યુ નથી, પરસેવો સીંચીને વાવેલો પાકને નજર સામે આ પ્રકારે નષ્ટ થતો જોઈને જગતનો તાત પણ હવે ચોંધાર આંસુએ ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યો છે. પોતાની આખા વરસની મહેનતને આ પ્રકારે નષ્ટ થતી જોઈને ખેડુતો હવે ધીરજ ખોઈ રહ્યા છે અને તેમની આંખોમાંથી વેદનાના આંસુ વહી રહ્યા છે. ઉપલેટા તાલુકાના લાચાર ખેડુતનો વિડીયો વાયરલ થયો છે, ખેડુત મગફળીના પલળેલા છોડ લઈને રડતો નજરે પડે છે. મોંઘા બિયારણ, મોંઘા ખાતર અને સમગ્ર વરસ દરમિયાન તનતોડ મહેનત કર્યા બાદ પણ જયારે પાક લેવાનો આવ્યો તો તેના પર માવઠાએ વિનાશ વેરી દીધો છે. ખેડુતના ભાગે હાલ કંઈજ બચ્યુ નથી, વારંવાર કમોસમી વરસાદનો માર ઝેરી રહેલા ખેડુતોની કમર તુટી ગઈ છે. આર્થિક અને માનસિક રીતે જગતનો તાત હવે ભાંગી પડયો છે અને રડતા રડતા કહી રહ્યા છે કે મારી પાસે મજુરી દેવાના પણ પૈસા બચ્યા નથી, મારે શું કરવુ, મારી આખા વરસની મહેનત મારી ગઈ, મારી ગાયો માટે નીરણ પણ રહ્યુ નથી, બધુ ધુળ થઈ ગયુ, આટલુ બોલતા બોલતા તે ધ્રુસકે ધ્રુસકે ચોંધાર આંસુએ રડી પડે છે.

આ દ્રશ્યો ખેડુતો કેટલી હદે કુદરત સામે લાચાર છે તે દર્શાવે છે, હવે આ ખેડુતો પાક નુકશાની માટે સરકાર સામે વળતરની અને સહાયની મીટ માંડીને બેઠા છે. હાલ તો ખેડુતોને એટલી હદે પાયમાલ થયા છે કે તેમની પાસે ન તો મજુરી દેવાના પૈસા બચ્યા છે, ન તો શિયાળુ પાક લેવા માટે ના બચ્યા છે, જો સરકાર તેમને બેઠા નહી કરે તો ખેડુતોની હાલત અત્યંત કફોડી થઈ જશે.

# મીડીયા સાથે આતંકવાદીઓ જેવો વ્યવહાર કરનાર મંત્રી હર્ષ સંઘવીને સરકારી પ્રવકતા બનાવતા મીડીયા આલમમાં કચવાટ

## કૃષિ મંત્રી દ્વારા પણ અગાઉ રૂપાણી સરકારમાં મીડીયા સાથે ઉધ્ધતાઈભર્યુ વર્તન કર્યુ હોવાને લઈ ઉઠયા સવાલો

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારમાં અગાઉ સરકારવતી પંચાયત મંત્રી ઋષીકેશ પટેલ અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ બ્રિફિંગની જવાબદારી સંભાળતા હતા.

હવે ગુજરાત સરકારના નવા મંત્રી મંડળની રચના બાદ સરકારી પ્રવકતા મંત્રી તરીકે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને જવાબદારી સોંપાઈ છે. કહેવાય છે કે ગૃહમંત્રી હર્ષ સંઘવીના કાર્યાલયે મીડીયા સાથે આતંકવાદીઓ જેવો વ્યવહાર કરવામાં આવી રહ્યો છે. સ્ટાફના માણસો નામ ન આપવાની શરતે કહી રહ્યા છે કે મંત્રીના આદેશ અનુસાર અમારે ચેકીંગ કરવુ પડતુ હોય છે, તો બીજી તરફ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અગાઉ રૂપાણી સરકારમાં શિક્ષણમંત્રી તરીકે



હવાલો સંભાળતા હતા. ત્યારે મીડીયા દ્વારા ફરજના ભાગરૂપે સમાચારો છપાતા મંત્રી જીતુભાઈ વાઘાણી દ્વારા મીડીયા સાથે ફોન ઉપર ઉધ્ધતાઈભર્યુ વર્તન કરવામાં આવ્યુ હતું. આમ બંને મંત્રીઓ મીડીયામાં ચર્ચાસ્પદ બનેલ હોવા છતાં સરકાર દ્વારા કેબિનેટ સહિત સરકારવતી બ્રિફિંગની જવાબદારી સોંપવામાં આવતા મીડીયા આલમમાં કચવાટ ઉભો થવા પામ્યો છે.

સરકારના કેબિનેટ નિર્ણયો, જાહેર નીતિઓ અને વિકાસકાર્યોની માહિતી સતત મીડીયાને પ્રવકતા મંત્રીઓ દ્વારા આપવાની જવાબદારી સરકાર દ્વારા સોંપાઈ છે. તે કેટલી કારગત નીવડે છે તે હવે આગામી સમયમાં જ ખબર પડશે.

# બહેને લવ મેરેજ કર્યા તો ભાઈઓએ વારસાઈ મિલ્કતમાંથી નામ હટાવી દીધુ : હાઈકોર્ટે આપ્યો મહત્વનો ચુકાદો

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના ચેનપુર ગામની વારસાગત ખેતીની જમીનમાં પોતાના ૮ ભાગના હિસ્સા માટે દાવો કરનાર પુત્રીનો દાવો રદ કરવાના ટ્રાયલ કોર્ટના હુકમને અરજદાર પુત્રીએ ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો. ગુજરાત હાઈકોર્ટે તાજેતરના એક કિસ્સામાં દાખલારૂપ ચુકાદો આપ્યો છે. જેમાં પિતાની વારસાગત સંપત્તિમાં પુત્રીના હક્ક અંગે એક મહત્વનો ચુકાદો આપ્યો છે.

કોર્ટે સ્પષ્ટપણે ઠરાવ્યુ છે કે પિતાની સંપત્તિમાં પુત્રીના હક્ક અને અધિકારનો અંત ત્યાં સુધી આવતો નથી જયાં સુધી તે સ્વેચ્છિક રીતે પોતે પોતાના હિસ્સા કે હક્ક નો ત્યાગ ન કરે, આ મામલો અમદાવાદના ચેનપુર ગામની વારસાગત ખેતીની જમીન સાથે સંબંધિત છે. અરજદાર પુત્રીએ તેના પિતાની સંપત્તિમાં પોતાના ૮ ભાગના હિસ્સા માટે ટ્રાયલ કોર્ટમાં દાવો કર્યો હતો. જો કે ટ્રાયલ કોર્ટે પુત્રીનો આ દાવો રદ કરી દીધો હતો. આ નિર્ણયને અરજદાર પુત્રીએ ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જસ્ટીસ એ વાય કોગજે અને જસ્ટીસ જે એલ ઓડેદરાની ખંડપીઠે આ અપીલની સુનાવણીના અંતે ટ્રાયલ કોર્ટના નિર્ણયને રદ બાતલ ઠેરવ્યો હતો.

હાઈકોર્ટે અરજદાર પુત્રી દ્વારા કરાયેલા વારસાગત મિલ્કતના હિસ્સા માટેના દાવાને પુનઃ સ્થાપિત કરવાનો અને દાવાનો શકય એટલી ઝડપથી નિકાલ કરવા માટે હુકમ કર્યો છે. અરજદાર પુત્રીનુ કહેવુ છે કે તેણે પરીવારની ઈચ્છા વિરૂધ્ધ આંતરજ્ઞાતિય લગ્ન કર્યા હોવાથી પરીવારજનોએ તેની સાથેના સંબંધો



તોડી નાખ્યા હતા. અરજદાર ના પિતાનુ ૧૯૮૬ માં નિધન થયુ હતુ. ત્યારબાદ જાન્યુઆરી ૧૯૮૭ માં અરજદારના ભાઈઓએ ઉપરોકત જમીનના વારસાઈ હક્ક માટે મહેસુલી રેકર્ડમાં વારસદાર તરીકે માત્ર પોતાના નામ દાખલ કરાવ્યા હતા અને બહેન (અરજદાર પુત્રી) ના નામને બાકાત રાખ્યુ હતું. અરજદારના જણાવ્યા અનુસાર તેને તેના નામની કમી અંગે દાયકાઓ સુધી જાણ જ ન હતી, જુન ૨૦૧૮ માં તેને ખબર પડી કે તેના ભાઈઓએ વારસાગત મિલ્કતમાં અમુક હિસ્સો વેચી દીધો છે અને બાકીની જમીન પણ વેચવાનુ આયોજન કરી રહ્યા છે, આ જાણ થતા તેણે પોતાનો કાયદેસર હક્ક હિસ્સો મેળવવા માટે ટ્રાયલ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. અરજદાર પક્ષે હાઈકોર્ટનુ ધ્યાન દોર્યુ કે અમદાવાદ ગ્રામ્ય કોર્ટના સીવીલ જજ દ્વારા કોઈ ટ્રાયલ ચલાવ્યા વિના અને સુઓમોટો લઈને એક તરફી તેમનો દાવો ફગાવી દેવાયો હતો. ટ્રાયલ કોર્ટે મોડે થી દાવો દાખલ થયો હોવાથી સમય મર્યાદાનો બાધ નડતો હોવાનુ કારણ આપી તેને રદ કરી નાખ્યો હતો. હાઈકોર્ટે કેસ ની તમામ હકીકતો ધ્યાનમાં લીધા બાદ ચુકાદો આપતા જણાવ્યુ હતુ કે અરજદાર પુત્રીને મિલ્કતમાંથી બાકાત રખાયાની જાણ કયારે થઈ, તે હકીકત અને કાયદાનો એક મિશ્ર પ્રશ્ન છે અને તે પુરાવો સાંભળ્યા વિના નકકી કરી શકાય નહી, અરજદારને તેના નામની કમી ની વરસો બાદ જાણ થઈ તેટલા માત્ર કારણસર દાવો પ્રારંભિક તબકકે ફગાવી શકાય નહી, કોર્ટે અંતમાં સ્પષ્ટ કર્યુ કે હિન્દુ ઉત્તરાધિકારી અધિનિયમ હેઠળ પુત્રીનો મિલ્કતમાં સહભાગી તરીકેનો હક્ક કાયદેસર રીતે માન્ય છે,

# ચુંટણીપંચની એસઆઈઆરની મીટીંગમાં પહોચ્યા ગોપાલ ઈટાલીયા અને ચૈતર વસાવાએ ગુજરાતની જનતાને કરી અપીલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા અને વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ગુજરાતના ચુંટણી પંચ દ્વારા આયોજીત મીટીંગમાં ઉપસ્થિત રહ્યા હતા. ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે આજે કનિષ્ઠ મતદારયાદી સુધારણા કાર્યક્રમ (એસઆઈઆર) ની મીટીંગમાં તમામ પક્ષ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના ૫ કરોડ ૮૧ લાખ કરતા વધુ મતદારોની મતદાર યાદી સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવશે.



આ મતદાર યાદીની અંદર મૃત્યુ પામેલા મતદારો, સ્થળાંતર થયેલા મતદારો , અન્ય રાજયમાંથી આવેલા મતદારો અને ડુપ્લીકેટ મતદારો આ તમામને આઈડેન્ટિફાઈડ કરી મતદાર યાદી સુધારણા કરવાનો આ કાર્યક્રમ છે. એની અંદર આમ આદમી પાર્ટીના પ્રતિનિધિ તરીકે ચૈતર વસાવાના નેતૃત્વમાં અમે જોડાયા છીએ, ખુબ ઉંડાણપૂર્વક ચર્ચા સંવાદ થયો છે, ચુંટણીપંચ દ્વારા આયોજીત એસઆઈઆરની મીટીંગ બાદ આમ આદમી પાર્ટી ધારાસભ્ય ચૈતર વસાવાએ મોટો ખુલાસો કર્યો હતો. ચૈતર વસાવાએ કહ્યુ હતુ કે એસઆઈઆર મુદ્દે ચુંટણીપંચ જરા પણ ગંભીર નથી, ચુંટણીપંચ ગંભીર નથી માટે એસઆઈઆર ની કામગીરી એક ચિંતાનો વિષય છે. કેન્દ્રના આદેશથી ચુંટણીપંચ એસઆઈઆર ને પધ્ધતિ લઈને આવ્યા છે. પરંતુ તેમની પાસે કોઈ જવાબ નથી અને તંત્ર પણ નથી, બોગસ વોટીંગ ને કરી રીતે પકડવામાં આવશે તેની કોઈ સિસ્ટમ નથી, જે લોકો ગુજરાતમાં અને ગુજરાત બહાર બંને જગ્યાએ વોટીંગ કરે છે તે લોકોને કઈ રીતે ઓળખવામાં આવશે. તેના માટે ચુંટણીપંચ પાસે કોઈ વ્યવસ્થા નથી, ૫ કરોડ ૮ લાખ ૩૯ હજાર મતદારોના ફોર્મ ભરવા માટે પુરતી સંખ્યામાં બીએલઓ છે જ નહી. આદિવાસી વિસ્તારના લોકો મજુરી કામ માટે બહાર ગામ હોય તો તેઓ કઈ રીતે ફોર્મ ભરશે ? એસઆઈઆર ની કામગીરીમાં શિક્ષકો, તલાટીઓ અને ગ્રામ સેવકો હેરાન થશે, એસઆઈઆર માં પ્રજાના ટેક્ષના કરોડો રૂપીયાનુ પાણી થશે, અમારૂ માનવુ છે કે અગાઉ જે રૂટીંગ પ્રક્રિયા ચાલતી હતી તે ચાલવી જોઈએ. એસઆઈઆર ની કામગીરીના કારણે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ વિલંબ ન થવી જોઈએ. અંકલેશ્વરમાં ડુપ્લીકેટ મતદાતાઓના અમે પુરાવા આપ્યા હતા તો તેના પર ચુંટણીપંચે શા માટે કોઈ કાર્યવાહી કરી નથી.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ૨૭ ટકા ઓબીસી આરક્ષણનો અમલ કરાશે : આયોગ દ્વારા યાદી જાહેર

## રાજકોટ, સુરેન્દ્રનગર, પોરબંદર અને ગાંધીધામ મહાનગરપાલિકામાં અનામત બેઠકોની ફાળવણી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ડીસેમ્બરમાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચુંટણી બે મહિના પાછળ ઠેલવાય છે, હવે આ ચુંટણી સંભવિત ફેબ્રુઆરી મહિનામાં યોજાશે ત્યારે રાજય સરકાર દ્વારા મહાનગરપાલિકાની ચુંટણી માટે બેઠકોની ફાળવણીની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં રાજકોટ, સુરેન્દ્રનગર, પોરબંદર, વડોદરા અને અમદાવાદ મનપાનો પણ સમાવેશ થાય છે. આ ચુંટણીમાં ૨૭ ટકા ઓબીસી અનામતની પણ અમલવારી કરવામાં આવશે. ચુંટણી આયોગ દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ રાજકોટ મહાનગરપાલિકાનો



પણ સમાવેશ થાય છે. જેમાં રાજકોટ મનપાની ચુંટણી બેઠક જાહેર કરી છે. જેમાં ૧૮ વોર્ડની કુલ ૭૨ બેઠકો છે જેમાં ૩૬ બેઠક એટલે કે ૫૦ ટકા સ્ત્રી માટે ફાળવવામાં આવી છે. ૫ બેઠક અનુસુચિત જાતિ, ૧ બેઠક અનુસુચિત જનજાતિ, ૧૯ બેઠક પછાત વર્ગ માટે અને ૨૨ સામાન્ય બેઠક જાહેર કરવામાં આવી છે. રાજકોટમાં ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ૧૩ લાખ થી વધુ મતદારો નોંધાયેલા છે, ઉપરાંત તાજેતરમાં મહાનગરપાલિકાનો દરજજો મેળવનાર પોરબંદર મહાનગરપાલિકાનો પણ સમાવેશ થાય છે. જેમાં ૧૩ વોર્ડની ૫૨ સીટ પર ફાળવણી કરવામાં આવી છે.તેમાં ૧૬ સામાન્ય, ૧૮ સ્ત્રી અનામત , ૨ અનુસુચિત જાતિ, ૧ અનુસુચિત જન જાતિ અને ૭ ઓબીસી વર્ગ માટે ફાળવવામાં આવી હતી. પોરબંદરની માફક સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં પણ ૧૩ વોર્ડનુ સીમાંકન કરવામાં આવ્યુ હતુ અને ૫૨ બેઠકો જાહેર કરાઈ હતી. આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણી ૧૬ સામાન્ય, ૧૭ સ્ત્રી અનામત, સમાજને ફાળવવામાં આવી છે.

જયારે ગાંધીધામ મનપામાં પણ ૧૩ વોર્ડની ૫૨ સીટ માટે ૧૩ સામાન્ય વર્ગ, ૧૪ સ્ત્રી અનામત, ૫ અનુસુચિત જાતિ, ૨ અનુસુચિત જનજાતિ અને ૭ ઓબીસી વર્ગ ને ફાળવણી કરાઈ છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં આ વખતે ત્રિપાંખીયો જંગ ખેલાશે. કોંગ્રેસ અને ભાજપની સાથે આમ આદમી પાર્ટી પણ પોતાનુ જોર બતાવી રહી છે અને તમામ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખવામાં જોર લાગી રહ્યુ છે.

સ્થાનિક સ્વરાજયની ચુંટણી ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહેશે. જયારે કોંગ્રેસને બેઠુ થવાની તક મળશે અને આમ આદમી પાર્ટીને વધુ મજબુત થવામાં મદદરૂપ સાબિત થશે તેવી રાજકીય વિશ્લેષકોમાં ચર્ચાઓ થઈ રહી છે.

# માવઠાના કારણે થયેલા પાક નુકશાનીનો સર્વે ૭ દિવસમાં પુર્ણ કરી રાહત પેકેજ જાહેર કરાશે : સરકારી પ્રવકતા મંત્રી જીતુ વાઘાણી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજયમાં વરસી રહેલા કમોસમી વરસાદના કારણે ખેડુતોની હાલત ખરાબ થઈ ગઈ છે. ખેડુતોનો પાક નિષ્ફળ ગયો છે અને મહેનત પાણીમાં જતા ખેડુતોને મોટુ આર્થિક નુકશાન થયુ છે.

કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ કેબિનેટ બેઠક બાદ જાહેરાત કરી હતી કે માવઠાની નુકશાનીનો સર્વે ૭ દિવસમાં પુર્ણ કરાશે અને સર્વે પુર્ણ થયા બાદ રાહત પેકેજ જાહેર કરાશે. રાજયમાં થયેલા કમોસમી વરસાદના કારણે ખેડુતોને મોટુ નુકશાન થયુ છે. ખેડુતોએ આર્થિક નુકશાનનુ પુરતુ અને યોગ્ય વળતર મળે તેવી માંગ કરી છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે માવઠાની નુકશાનીનો સર્વે ૭ દિવસમાં પુર્ણ કરાશે અને સર્વે પુર્ણ થયા બાદ રાહત પેકેજ જાહેર કરાશે. પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ વધુમા કહ્યુ



હતુ કે ૫ જિલ્લામાં અતિભારે વરસાદ પડયો છે અને અંદાજે ૧૦ લાખ થી વધુ હેકટર વિસ્તારમાં પાક નુકશાન પામ્યો છે. ઘણા વરસો બાદ આ સમયે માવઠુ થયુ છે, વધુમાં તેમણે કહ્યુ હતુ કે મંત્રીઓને અલગ અલગ વિસ્તારની જવાબદારી સોંપી છે અને તમામ જિલ્લામાં રીયલ ટાઈમ મોનીટરીંગ થઈ રહ્યુ છે. સોયાબીન, શેરડી, તુવેરના પાકમાં નુકશાન થયુ છે. તેમણે કહ્યુ હતુ કે સરકાર ખેડુતોની પડખે ઉભી છે.

વધુમાં તેમણે કહ્યુ હતુ કે ૫ જિલ્લામાં અતિભારે વરસાદ છે, જેથી અધિકારીઓને આદેશ આપ્યા છે તમામને એલર્ટ કર્યા છે તમામ જિલ્લામાં રીયલ ટાઈમ મોનીટરીંગ થઈ રહ્યુ છે. જયાં જયાં મુશ્કેલી છે, નુકશાન છે, ખેડુત છે તે બધા માટે સરકાર ઉભી છે, અને સરકાર નિર્ણય પણ કરશે. ખેડુતોના ખમીરને અભિનંદન આપીએ છીએ, ભગવાનને પ્રાર્થના કે સૌના સહકાર અને સહયોગથી ખેડુતોને બેઠા કરવાના ભાગરૂપે વિભાગોને આદેશ આપ્યા છે.

વધુમાં તેમણે કહ્યુ કે જયાં વરસાદ પડયો છે અને માહિતી નથી મળી તે વિસ્તારનો પણ સમાવેશ કરવામાં આવશે. ૭ દિવસમાં ટેકનોલોજીના માધ્યમથી સર્વે પુરા કરવા આદેશ આપ્યા છે. ટેકનોલોજીમાં તકલીફ આવે તો ફીઝીકલ ટીમ પણ તેમાં મદદ કરશે અને સર્વે કરશે, માવઠુ થયુ છતાં અનેક પાક (ડુંગળી, કપાસ) જે ઉભા છે તેને નુકશાન ન થાય અને શુ કરવુ જોઈએ ? કઈ દવાનો ઉપયોગ કરવો તે માટે એડવાઈઝરી જાહેર કરવામાં આવશે, સર્વે કરી અને પેકેજ જાહેર કરવામાં આવશે.

# ગુજરાતમાં માવઠાની આફત સર્જાતા સીંગતેલના ભાવમાં થયો ભડકોઃ સીંગતેલના ભાવમાં ડબ્બે ૧૫ રૂપીયાનો વધારો

## કમોસમી વરસાદને લીધે મગફળીના તૈયાર પાકને નુકશાન થયુઃ મગફળીના પાકની ગુણવત્તા ઘટતા યાર્ડમાં યોગ્ય ભાવો મળતા નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સૌરાષ્ટ્રમાં પડેલા કમોસમી વરસાદને કારણે મગફળીના તૈયાર થયેલા પાકને નુકશાન થયુ છે. માવઠુ અને વિપરીત હવામાનને લીધે મગફળીની ગુણવત્તા પર અસર પડી છે. યાર્ડમાં ખેડુતોને મગફળીના પાકના પુરતા ભાવ મળતા ન હોવાની ફરીયાદો ઉઠી છે.

તો બીજી તરફ સીંગતેલના ભાવમાં વધારો થઈ રહ્યો છે. ઓઈલ મીલરોએ માવઠાના



બહાને સીંગતેલમાં ડબ્બે રૂપીયા ૧૫ નો વધારો કર્યો છે. નવા ભાવ વધારા સાથે રાજકોટ બજારમાં સીંગતેલના ૧૫ કિલોના ડબ્બાનો ભાવ ૨૩૮૦ થી ૨૪૩૦ બોલાયો છે. ઓઈલ મીલરો સીંગતેલના ભાવમાં વધારા પાછળ મુખ્યત્વે સતત વરસાદી વાતાવરણને જવાબદાર ગણી રહ્યા છે. ચોમાસાની વિદાય બાદ પણ કેટલાક વિસ્તારોમાં અવાર નવાર વરસાદી ઝાંપટા પડવાને કારણે બજારમાં પીલાણયુકત મગફળીની આવક ઘટી છે.

વરસાદના કારણે મગફળીની ગુણવત્તા પર પણ અસર થતા સારી ગુણવત્તાવાળી મગફળીની ઓછી આવક થઈ છે. જેના પરીણામે ભાવમાં થોડો વધારો જોવા મળ્યો છે. હાલના ભાવ વધારાને માત્ર અસ્થાયી ગણવામાં આવી રહ્યો છે.

ખેડુતો અને વેપારીઓના મતે આવનારા દિવસોમાં જો મગફળીની બમ્પર આવક થશે તો સીંગતેલના ભાવમાં ફરી ઘટાડો થવાની પુરી શકયતાઓ રહેલી છે. જો બજારમાં પુષ્કળ માત્રામાં અને સારી ગુણવત્તાવાળી મગફળી ઉપલબ્ધ થશે તો ગ્રાહકોને ફરી એકવાર તેલના સસ્તા ભાવનો લાભ મળી શકે છે.

# કાલાવડના લક્ષ્મીપુર ગામમાં બે જૂથ વચ્ચે તકરાર થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના લક્ષ્મીપુર ગામમાં બે જૂથ વચ્ચે તકરાર થઈ હતી, અને સામસામે મારામારીના બનાવો બન્યા હતા, જે બનાવ સંદર્ભમાં બંને જૂથ દ્વારા સામસામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. મૂળ રાજકોટના વતની અને હાલ કાલાવડ તાલુકાના લક્ષ્મીપુર ગામમાં રહેતા ઉમેશભાઈ ભવાનભાઈ લુણાગરિયા નામના વેપારીએ પોતાના ઉપર તેમજ પોતાના પરિવારના સભ્યો ઉપર લાકડી વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે ગોપાલભાઈ ડાયાભાઈ ઝાપડા, રમાબેન લક્ષ્મણભાઈ ઝાપડા, રાહુલ લક્ષ્મણભાઈ ઝાપડા, અને ડિમ્પલબેન લક્ષ્મણભાઈ ઝાપડા સામે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામા પક્ષે લક્ષ્મણભાઈ ઉકાભાઈ ઝાપડાએ પોતાના ઉપર તેમજ પોતાના પરિવારના સભ્યો ઉપર લાકડી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે ભૂમેશ ભવનભાઈ લુણાગરિયા, ભવનભાઈ ચનાભાઈ લુણાગરિયા, બાબુભાઈ ચનાભાઈ લુણાગરિયા, અશ્વિન ચનાભાઈ લુણાગરિયા અને ચારેયની પત્નીઓ સામે ફરિયાદ નોંધાવી છે. કાલાવડ ગ્રામ્ય પોલીસ વધુ તપાસ ચલાવે છે.

# RTEના આઠ હજાર વિદ્યાર્થીને ઓછી હાજરીને પગલે સહાય નહીં મળે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરની વિવિધ ખાનગી સ્કૂલોમાં RTE અંતર્ગત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી 8 હજાર જેટલા વિદ્યાર્થીઓને હાજરીના મુદ્દે સહાયથી વંચિત રહેવું પડશે. આ વિદ્યાર્થીઓની વાર્ષિક હાજરી 80 ટકા થતી ન હોવાના પગલે તેમને મળતી સહાયના મળી કુલ રૂ. 2.44 કરોડ ચુકવવામાં નહીં આવે. સરકાર દ્વારા દરવર્ષે વિદ્યાર્થીઓને સહાય પેટે રૂ. 3 હજારની ચુકવણી કરતી હોય છે. પરંતુ આ માટે વિદ્યાર્થીની વર્ષ દરમિયાન 80 ટકા હાજરી હોવી જરૂરી છે. હાલમાં અમદાવાદ શહેરમાં RTE અંતર્ગત 88 હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. અમદાવાદ સહિત રાજ્યભરની ખાનગી સ્કૂલોમાં કુલ વિદ્યાર્થી પૈકીના 25 ટકા બેઠકમાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને ધોરણ-1માં પ્રવેશ આપવામાં આવે છે. આ વિદ્યાર્થીઓને સહાય પેટે દર વર્ષે સરકાર દ્વારા રૂ. 3 હજાર ચુકવવામાં આવે છે. આ સહાય મેળવવા માટે નિયમ મુજબ આરટીઈ હેઠળ પ્રવેશ મેળવેલા બાળકની આગળના વર્ષની સ્કૂલની હાજરી 80 ટકા કે એનાથી વધુ હોવી ફરજિયાત છે. 80 ટકા કરતાં ઓછી હાજરી ધરાવતી બાળકોને રૂ. 3 હજારની સહાય ચુકવવામાં આવતી નથી. ચાલુ વર્ષે અમદાવાદ શહેરમાં કુલ 88243 વિદ્યાર્થી પૈકી 8154 વિદ્યાર્થીઓની હાજરી 80 ટકા જેટલી થતી ન હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.